નીતિ આયોગની સાતમી ગવર્નિંગ કાઉન્સીંલની બેઠકમાં સહભાગી થતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

ગુડ ગર્વનન્સ-શહેરી વિકાસ-કૃષિ વિકાસ અને શિક્ષણના ક્ષેત્રોમાં ગુજરાતની સિદ્ધિઓની પ્રભાવક પ્રસ્તુતિ કરતા ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર, તા.૬

ગુજરાતનું ''વિદ્યા સમીક્ષા કેન્દ્ર''એ આર્ટિફિશ્યલ ઇન્ટેલીજન્સ-મશીન લર્નીંગ અને બિગ ડેટા એનાલીસીસ જેવી ટેક્નોલોજીથી સુસજ્જ એવું દેશનું પહેલું ડિઝીટલ એજ્યુકેશન આર્કિટેકચર છે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશમાં વિકાસ અને સુશાસનના રોલ મોડેલ તરીકેનું ગુજરાતનું સ્થાન યથાવત જાળવી રાખવાના સંકલ્પ સાથે આગળ વધવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલા વિકાસ માર્ગનું ગુજરાત સતત અનુસરણ કરી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીની અધ્યક્ષતામાં નવી દિલ્હીમાં યોજાયેલી નીતિ આયોગની સાતમી ગવર્નિંગ કાઉન્સીલની બેઠકમાં મુખ્યમંત્રી સહભાગી થયા હતા અને રાજ્યની પ્રભાવક વિકાસ ગાથા પ્રસ્તુત કરી હતી. મુખ્યમંત્રીએ ખાસ કરીને સુશાસન, શહેરી વિકાસ અને કૃષિ વિકાસ તથા શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિઓ અને અગ્રેસરતાનું વિવરણ બેઠકમાં ઉપસ્થિત અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ, કેન્દ્રીય મંત્રીઓ અને નીતિ આયોગના સદસ્યો સમક્ષ કર્યુ હતું. ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, ભારત સરકારે બહાર પાડેલા ગુડ ગર્વનન્સ ઈન્ડેક્ષ, લોજીસ્ટીક પરફોર્મન્સ ઈન્ડેક્ષ, સ્ટેટ એનર્જી એન્ડ ક્લાયમેટ ઈન્ડેક્ષ, એક્સપોર્ટ પ્રિપેર્ડનેસ ઈન્ડેક્ષ તેમજ સસ્ટેઈનેબલ ગોલ ઈન્ડીયા ઈન્ડેક્ષ ૩.૦ ની વિવિધ કેટેગરીમાં ગુજરાતે પ્રથમ સ્થાન અંકિત કર્યુ છે. વડાપ્રધાનના સતત માર્ગદર્શનમાં ગુજરાતે ગિફ્ટ સિટી, ડ્રીમ સિટી, ૩૦ ગીગાવોટ હાઇબ્રિડ રિન્યુએબલ એનર્જી પાર્ક, ધોલેરા SIR અને સ્ટેચ્યુ ઓફ યુનિટિ જેવી અનેક મહત્વાકાંક્ષી પરિયોજનાઓથી વિકાસની નવી ઊંચાઇ આંબી છે. મુખ્યમંત્રીએ ગુજરાતમાં શહેરીકરણ -અર્બન સેક્ટરની પહેલ રૂપ બાબતો અને સિદ્ધિઓ વર્ણવતા કહ્યું કે, વડાપ્રધાનશ્રીએ ગુજરાતના શહેરોને વર્લ્ડક્લાસ સિટીઝ બનાવવાનું જે સપનું જોયુ હતું તેને સાકાર કરવા અમે સંપૂર્ણ પ્રતિબદ્ધ છીયે.

ગુજરાતની દીકરી ભાવિનાએ ગોલ્ડ જીત્યો

પિતાએ કહ્યું-આતશબાજી કરીને તેનું સ્વાગત કરીશું

CWG ૨૦૨૨: ભાવિનાએ ગોલ્ડ મેડલ જીતતા નાનકડા એવા સુંઢિયા ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે

મહેસાણા, તા.૭

ગુજરાતની દીકરી ભાવિના પટેલે કોમનવેલ્થ ગેમમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. ત્યારે મહેસાણામાં રહેતા તેમના પરિવારમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે. પરિવારના સભ્યોએ એક-બીજાને મીઠાઈ ખવડાવી ખુશી વ્યક્ત કરી. ભાવિના પટેલે ગત વર્ષે ટોક્યો પેરાલિમ્પિકમાં ઐતિહાસિક સિલ્વર મેડલ જીત્યો હતો. તો આ વખતે કોમનવેલ્થમાં ગોલ્ડ મેડત જીત્યો છે. બર્મિંગહામ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ માં ભારતની સ્ટાર પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે ગોલ્ડ મેડલ જીત્યો છે. ભાવિના પટેલ વડનગરના સુંઢિયા ગામના વતની છે. ત્યારે ભાવિનાએ ગોલ્ડ મેડલ જીતતા નાનકડા એવા સુંઢિયા ગામમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. ગોલ્ડ આવવાથી ભાવિનાના પરિવારમાં હાલમાં ખુશીનો માહોલ જોવા મળ્યો. પરિવારના સભ્યો દ્વારા એકબીજાને મીઠાઈ ખવડાવી ખુશી વ્યક્ત કરી. તો તેના પિતા હસમુખભાઈ પટેલ અને માતા નિરંજનાબેન પટેલ તો દીકરીની આ સફળતાથી ગદગદ થઈ ગયા હતા. તેના માતાએ કહ્યુ કે, ભાવિનાની સંઘર્ષભરી જિંદગી રહી હતી. તેમાંથી બહાર હવે નીકળી ગઈ છે. નાનકડી ચાલીમાં રહેતી, ભાડે રહેતી તો ક્યારેક ભાઈ-ભાઈ અને બહેનપણીઓ સાથે રહીને આગળ વધતી ગઈ. તેને આગળ વધીને દેશ માટે કંઈક કરવુ છે. તો પિતાએ કહ્યુ કે, એટલી ખુશી છે કે તે આવશે તો તેનુ ભવ્ય સન્માન કરીશું. ભવ્ય વરઘોડો કરીને આતશબાજી કરીશું. પિતા તરીકે મને ગર્વ થઈ રહ્યો છે. હાલ અમે તેનુ સન્માન કરવા તલપાપડ થઈ રહ્યા છીએ. ભાવિના પટેલે ગત વર્ષે ટોક્યો પેરાલિમ્પિકમાં ઐતિહાસિક સિલ્વર મેડલ જીત્યો હતો.

મફતની લહાણીથી આગામી સમયમાં વીજ કંપનીઓ ફડચામાં જશે : ઉર્જામંત્રી

આમ આદમી પાર્ટીના સંયોજક કેજરીવાલે ગુજરાતમાં બેરોજગારથી લઈને મફત વીજળીના વાયદાઓ કર્યા છે

ઉમરગામ, તા.૭

ચૂંટણી ટાણે આમ આદમી પાર્ટી રાજ્યમાં સક્રિય અભિયાન શરૂ કરી દીધું છે. દિલ્હીના સીએમ અને આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલે ગુજરાતમાં બેરોજગારથી લઈને મફત વીજળીના વાયદાઓ લોકોને કર્યા છે. એટલું જ નહીં, રાજ્યની જનતાને મોટી ગેરંટીઓ પણ આપવામાં આવી રહી છે. ત્યારે વલસાડ જિલ્લાના ઉમરગામના એક જાહેર કાર્યક્રમમાં મફત વીજળીની લહાણીની યોજનાઓ મામલે રાજ્યના ઉર્જા મંત્રી કનુભાઇ દેસાઇ એ મહત્વનું નિવેદન કર્યું છે. તેમણે જણાવ્યું છે કે, તેઓએ મફત વીજળીની લહાણી એ સરકારને પૈસા નહીં ચૂકવી અને મફત વીજળી આપવાની વાત કરી છે. આવી મફતની લહણીને કારણે આગામી સમયમાં આવી વીજ કંપનીઓ ફડચામાં જશે અને લોકોને વીજ પુરવઠો પણ નહીં મળે તેવા સંજોગો સર્જાશે. કેન્દ્ર સરકારના વીજ મંત્રાલય દ્વારા દેશની વીજ કંપનીઓના વાર્ષિક ઈન્ટીગ્રેટેડ રેટિંગમાં ગુજરાતની ત્રણ વીજ કંપનીઓએ બાજી મારી છે. અને દેશની પ્રથમ ચાર વીજ કંપનીઓમાં ગુજરાતની ત્રણ કંપનીઓને સ્થાન મળ્યું છે.

રાજ્યના વીજ વિભાગની આ ઐતિહાસિક સિદ્ધિઓને રાજ્યના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈ એ આજે વલસાડના સરીગામ અને ઉમરગામના જાહેર કાર્યક્રમોમાં પોતાના વિભાગની સિધ્ધિઓથી લોકોને માહિતગાર કર્યા હતા. રાજ્યના ઉર્જા મંત્રી કનુભાઈ દેસાઈએ આજે વલસાડ જિલ્લાના સરીગામ જીઆઈડીસી વિસ્તાર અને ઉમરગામ નગરપાલિકા વિસ્તારમાં હાઈટેન્શન વીજ લાઈન અને અન્ય વીજ લાઈનોના અંડર ગ્રાઉન્ડ કેબલિંગના કામનો ખાતમૂર્હત કર્યું હતું. જિલ્લાના શહેરી વિસ્તાર અને જીઆઈડીસી વિસ્તારમાં હાઈટેન્શન વીજ લાઈન અને અન્ય વીજ લાઈનોના વીજ થાંભલાઓ અને વીજ તારના સામ્રાજ્યના કારણે અનેક વખત અકસ્માતો બને છે.

ભાજપને વોટ આપશો તો એ તમારા બાળકોને ઝેર પીવડાવશે : કેજરીવાલ

મને વોટ આપશો તો હું સ્કૂલ બનાવડાવીશ : કેજરીવાલ

અમદાવાદ, તા.૭

આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના ગુજરાત પ્રવાસનો આજે બીજો દિવસ છે. તેઓ ગુજરાતની પ્રજામાં ધીરે ધીરે વિશ્વાસ પેદા કરી રહ્યાં છે. જેના માટે તેઓ દર અઠવાડિયે આવીને ગુજરાતની પ્રજાને વચન આપી રહ્યાં છે. ત્યારે તેમણે આજે બોડેલીમાં જંગી સભાને સંબોધી હતી. જ્યાં મંચ પરથી તેમણે ભાજપ કોંગ્રેસની મિલીભગતવાળી સરકાર પર શાબ્દિક પ્રહારો કર્યા હતા. ભારત માતાના જયકાર બોલાવીને તેમણે સંબોધનની શરૂઆત કરી હતી. તેમણે આદિવાસીઓ માટે જય જોહરના નારા લગાવ્યા હતા. તેના બાદ કહ્યુ હતું કે, ગુજરાતમાં નવી રાજનીતિ આવશે, નવી ક્રાંતિ આવશે. લઠ્ઠાકાંડ થયો એ અંગે તમે સાંભળ્યું કે ઘણાના મોત થયા, ઘણાને દાખલ કરવા પડ્યા. મને આ અંગે માલુમ થતા ભાવનગર હોસ્પિટલમાં મળવા પહોંચ્યો. ત્યાં જઈને દર્દીઓને પૂછ્યું કે, ખુલ્લેઆમ શરાબ મળે છે? તેમનો જવાબ હા હતો. ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દર્દીઓને મળ્યા નહિ તેનું દુઃખ થયું. દરેક વસ્તુમાં વોટ ના જોવાય, માણસ થવું પડે. મ્હૅં પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલ પણ કોઈને મળ્યા નહિ, એમને રાજ આપ્યું પણ ઘરમાં મોત થયું તો મળવામાં પણ ના આવ્યા. સુખમાં ના આવે પણ દુઃખમાં સાથ કે કામ આવવા જોઈએ. મારો સવાલ છે કે, ગુજરાતમાં નશાબંધી છે તો હજારો કરોડો રૂપિયાનો દારૂ કોણ વેચે છે? તમે એમને વોટ આપશો તો નકલી દારૂ પીવડાવશે, તમારા બાળકોને ઝેર પીવડાવશે. મને વોટ આપશો તો સ્કૂલ બનાવડાવીશ. કોંગ્રેસ-બીજેપી વચ્ચે ઈલું ઈલું ચાલુ છે. હવે ઈમાનદારીની રાજનીતિ માટે આપ પાર્ટીની ઝાડુને વોટ આપજો. હું પણ આમ આદમી છું મને રાજનીતિ નથી આવડતી કામ કરતા આવડે છે. હું સંકલ્પ પત્ર કે ઘોષણા પત્ર, નહિ પણ હું ગેરેન્ટી આપવા આવ્યો છું. કેજરીવાલે આજે આદિવાસી વિસ્તારમાં સભા સંબોધી હતી. ત્યારે આદિવાસી સમાજ માટે તેમણે કહ્યુ કે, આદિવાસી આદિવાસી સમાજ માટે અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. હું બાબા સાહેબે બનાવેલ પંર શિડ્યુલ લાગુ કરીશ. પૈસા

એક્ટ લાગુ કરીશ. ગ્રામ સભાને સુપ્રીમ કરીશું, ટ્રાયબલ એડવાઈઝરી કમિટી બનાવીશું, આદિવાસીઓ માટેની સમસ્યા સમજવા સ્થાનિકને ચેરમેન બનાવીશું. તેમણે ગુજરાતની જનતા માટે જાહેરાત કરતા કહ્યુ કે, મારુ કોઈ બેલેન્સ નથી, પાર્ટી પણ ફક્કડ છે. અમારી સરકાર આવશે તો ૩ મહિનામાં શૂન્ય બિલ કરીશું, જૂનું બિલ માફ કરવામાં આવશે. ગુજરાતમાં વારંવાર સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર ફૂટી જાય છે, આ લોકો સરકાર કેવી રીતે સાંભળી શકે? અમારી સરકારમાં બેરોજગારને રોજગાર ના મળે ત્યાં સુધી પ્રત્યેક બેરોજગારને પ્રતિ માસ રુપિયા ૩૦૦૦ જેટલું બેરોજગારી ભથ્થું મળશે. સ્થાનિક આગેવાનો સાથે બેઠક કરી ૧૦ લાખ સરકારી નોકરીઓની વાત કરી છે, આદિવાસીઓને હક્ક મળશે.

OBC અનામતને હાથ લગાડશો તો ચૂંટણીમાં પરિણામ ભોગવશો

અમદાવાદ, તા.૭

અમદાવાદમાં માલધારી મહાપંચાયત દ્વારા મહામીટીંગ થઈ છે. અમદાવાદમાં માલધારી મહાપંચાયત દ્વારા મહામીટીંગમાં માલધારીઓ ઓબીસી અનામત અંગે આકરા પાણીએ જોવા મળ્યા હતા. તેઓએ સરકાર પર સીધો પ્રહાર કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે,ઓબીસી અનામત આંદોલનને માલધારી મહાપંચાયત ટેકો આપે છે. પરંતુ હાલ ઓબીસી અનામત દૂર કરવા સરકાર ષડયંત્ર કરી રહી છે. પરંતુ જો ઓબીસી અનામતને હાથ લગાડશો તો ચૂંટણીમાં પરિણામ ભોગવવા તૈયાર રહેજો. માલધારી મહાપંચાયત દ્વારા ૧૦ ટકા નહીં પણ ૨૭ ટકા અનામત આપવામાં આવે તેવી માંગણી કરી છે. મહાપંચાયતમાં સમાજના વિવિધિ કુરિવાજો દૂર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. માલધારી સમાજમાં મધ્યમવર્ગના લોકો ના પીસાય તેના માટે પણ સુધારા કર્યા છે. જેમાં જન્મ, લગ્ન, મરણ સહિતના પ્રસંગમાં કેટલીક જૂની પરંપરાઓ દૂર કરવામાં આવી છે. જેના કારણે વિવિધ આર્થિક ખર્ચમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

મોંઘવારી ભથ્થા અંગે ઝડપથી નિર્ણય કરવા કર્મચારી ફેડરેશનની માંગ

ગાંધીનગર, તા. ૭

ધી ગુજરાત સચિવાલય ફેડરેશને રાજ્યના નાણાંમંત્રી અને મુખ્યમંત્રીને એક પત્ર લખી જાન્યુઆરી-૨૦૨૨ની અસરથી ૩ ટકાનો મોંઘવારી ભથ્થાનો હમો તાત્કાલિક આપવા માટે માંગ કરી છે.

ફેડરેશનના પ્રમુખ જયેશ રાવલ અને મહામંત્રી મહેશસિંહ વાઘેલાએ પાઠવેલા પત્રમાં આ માંગણી પુનઃ દોહરાવી છે.

ફેડરેશને આ અગાઉ પણ સરકારને પત્ર લખી આ માંગ કરી હતી. પત્રમાં આ આગેવાનોએ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં અસહ્ય ભાવ વધારો અને મોંઘવારીને ધ્યાને લઈ રાજ્ય સરકારે હવે વિલંબ કર્યા વિના આ અંગે સત્વરે નિર્ણય કરી જાહેરાત કરવી જોઈએ તેમ જણાવ્યુ છે. તેમણે સરકારે સાતમા પગાર પંચની ભલામણોના સ્વીકાર અંગે કરેલા નિર્ણય સાથે લીધેલા અન્ય નિર્ણયોને યાદ કરાવી ઝડપથી આ અંગે નિર્ણય લેવામાં આવે તેવી માંગ કરી છે.

રાજ્યમાં કોરોનાના નવા ૭૬૮ કેસ

ગાંધીનગર, તા.૭

રાજ્યમાં દરરોજ કોરોના કેસમાં વધઘટ જોવા મળી રહી છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૭૬૮ કેસ નોંધાયા છે. જ્યારે કોરોના સંક્રમણથી ૮૯૯ દર્દીઓ સાજા થયા છે. રાજ્યમાં કોરોનાથી આજે ત્રણ દર્દીઓના મોત થયા છે. આ સાથે કોરોનાનો રિકવરી રેટ ઘટીને ૯૮.૬૬ ટકા થઈ ગયો છે.

રાજ્યમાં હાલ કુલ દર્દીઓની વિગતો જોઈએ તો રાજ્યમાં હાલ ૫૮૯૫ એક્ટિવ કેસ છે. જેમાંથી ૨૧ દર્દી વેન્ટિલેટર પર છે. જ્યારે ૫૮૭૪ દર્દીઓ સ્ટેબલ છે.

જ્યારે રાજ્યમાં કોરોના વાયરસને કારણે કુલ ૧૦,૯૭૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. જોકે, જિલ્લા અને કોર્પોરેશન મુજબ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનમાં સૌથી વધુ ૨૩૦ કેસ નોંધાયા છે. વડોદરા કોર્પોરેશનમાં ૬૮, ગાંધીનગર ૫૮, મહેસાણા ૫૫, વડોદરા ૪૫, સુરત કોર્પોરેશન ૪૦, રાજકોટ કોર્પોરેશન ૩૪, અમરેલી ૨૮, સુરત ૨૮, રાજકોટ ૨૬, ગાંધીનગર કોર્પોરેશન ૨૫, બનાસકાંઠા ૨૧, ભરૂચ ૧૮, કચ્છ ૧૪, સાબરકાંઠા ૧૪ એમ કુલ ૭૬૮ કેસ નોંધાયા છે.

કાયદો અને કાનૂન ● અનુસંધાન ચોથાનું ચાલુ...

નથી કે પ્રસારણ માધ્યમોમાં રજૂ કરી શકાતા નથી. સંસદીય વાદ-વિવાદનું સ્તર ઉચ્ચ પ્રકારનું જળવાય/સંસદીય શિષ્ટાચાર જળવાય તે હેતુ છે. લોકસભા સચિવાલયે ૧૯૯૯માં 'અસંસદીય અભિવ્યક્તિ' નામનો ૯૦૦ પેજનો ગ્રંથ બહાર પાડ્યો હતો; તેમાં નવા નવા અસંસદીય શબ્દોનો ઉમેરો થતો જાય છે ! 'અસંસદીય શબ્દો-૨૦૨૧' નો અમલ ૧૮ જુલાઈ, ૨૦૨૨થી સંસદના સત્રથી થયેલ છે.

સંસદને કે વિધાનસભાને 'બજાર' કહી શકાય નહીં ! ભલે તે 'બજાર' જેવું ખરીદ-વેચાણનું કામ કરતા હોય ! લાંચ/લાંચખોરી/બ્લેકમેલ/ડાકૂ/ચોર/ડાર્લિંગ/બદમાશી/ડબલ સ્ટાન્ડર્ડ/આળસુ/ઘટિયા/કટ્ટરપંથી/સરકાર આંધળી -બહેરી/અલી બાબા અને ૪૦ ચોર/અશિક્ષિત સાંસદને અંગૂઠાછાપ/સરકારની તાનાશાહી/તાનાશાહ/જયચંદ/શકુની/લોલીપોપ/ચંડાળચોકડી/વિનાશ પુરુષ/ખાલિસ્તાની વગેરે અસંસદીય શબ્દો છે. 'અસંસદીય શબ્દો-૨૦૨૧' મુજબ, જુમલાજીવી/તડિપાર/બાળબુદ્ધિ સાંસદ/કોવિડ સ્પ્રેડર/સ્નૂપગેટ/લોહીની ખેતી/પીઠું/કમીના/કાળું સત્ર/દલાલ/છોકરા/કોલસા ચોર/ચરસ પીવે છે/આખલો/ઉલ્ટો ચોર કોટવાલને ડાંટે/કાંવ કાંવ કરવું/તળવા ચાટવા/ઘાટ ઘાટનું પાણી પીવું/ ashamed/ abused/ betrayed/ corrupt/ drama / hypocrisy / incompetent આઈ વિલ કર્સ યૂ/બિટન વિથ શૂઝ/શેડિંગ ક્રોકોડાઈલ ટીયર્સ/રબિશ/ચિટેડ/બ્લડશેડ/ગૂન્સ/માફિયા વગેરે શબ્દોનો ઉપયોગ અસંસદીય બની જશે ! વડાપ્રધાને કિસાન આંદોલનના નેતાઓને બદનામ કરવા સંસદમાં 'આંદોલનજીવી' શબ્દ વાપર્યો હતો; પરંતુ વિપક્ષોએ રીટર્ન ગિફ્ટમાં 'જુમલાજીવી' શબ્દ વાપરી વડાપ્રધાનને ભોંઠા પાડ્યા હતા; એટલે 'જુમલાજીવી' શબ્દ અડફેટે ચડી ગયો ! સુપ્રિમકોર્ટે જેમને ગુજરાતમાંથી તડિપાર કરેલ તે હવે કેન્દ્રીય ગૃહમંત્રી છે; એટલે 'તડિપાર' શબ્દને જ તડિપાર કરી દીધો !

રોજ બરોજ સામાન્ય વાતચીતમાં લોકો જે શબ્દો બોલે છે; તેવા શબ્દો સંસદમાં/વિધાનસભામાં કોઈ સભ્ય બોલે તો તે શબ્દો 'અસંસદીય' બની જાય છે ! અસંસદીય શબ્દોની યાદી અભિવ્યક્તિને નિયંત્રિત કરે છે ! ચૂંટણી સભાઓમાં જે શબ્દો બોલી શકાય તે શબ્દો સંસદમાં બોલી શકાતા નથી ! સવાલ એ છે કે લોકો સમક્ષ જે શબ્દો બોલાય; તે શબ્દો સંસદમાં બોલે તો વાંધો શું? ચૂંટણી સભાઓમાં આપત્તિજનક/અસંવેદનશીલ શબ્દો બોલી શકાય/અયોગ્ય હરકતો કરી શકાય; એ કેવું? સંસદમાં ગરીમાપૂર્ણ અને સભ્યતાપૂર્ણ ઉચ્ચારણ કરવા એ દરેક સભ્યોની પવિત્ર અને બંધારણીય ફરજ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in

પહેલું કિરણ ● અનુસંધાન ચોથાનું ચાલુ...

દિલીપભાઈનું જીવન કાયમ સંઘર્ષમય જ રહ્યું. તેમનાં જીવનસાથી સવિતાબહેનનું કેન્સરને કારણે ૧૯૭૮માં નિધન થયું હતું. એ વખતે સવિતાબહેનની ઉંમર ૪૪ વર્ષની અને દિલીપભાઈની ઉંમર ૪૬ વર્ષની હતી. એ એમના માટે મોટો આઘાત હતો. તેમની અંતિમ વિધિ વખતે મિત્રોએ તેમને સ્મશાનમાં ન જવા વિનંતી કરી. મિત્રોને એવું કે દિલીપભાઈ બીજું લગ્ન કરે કારણ કે, તેઓ ઘણા નાના હતા. જોકે, સંવેદનશીલ દિલીપભાઈ છેવટે ગયા જ. દિલીપભાઈને પણ કેન્સર થયું અને ૧૬ની જુલાઈ, ૨૦૦૩ના રોજ તેમણે ૭૩ વર્ષની વયે વિદાય લીધી હતી.

સવિતાબહેન પોતે નીવડેલાં વાર્તાકાર હતાં. તેમની વાર્તાઓનો ગુજરાતીમાંથી હિન્દી અને અંગ્રેજીમાં પણ અનુવાદ થયો હતો.

દિલીપ રાણપુરાના પ્રદાનની ગુજરાતી સાહિત્યકારો અને સાહિત્યિક સંસ્થાઓએ ધરાર અને કાયમ ઉપેક્ષા કરી હતી એ હકીકત નોંધવી જ જોઈએ. આટલા મોટા ગજાના સર્જકને રણજીતરામ ચંદ્રક નહોતો મળ્યો બોલો. કેવું કહેવાય? પ્રોફેસરો કે સાહિત્યકારો પોતે જ જાણે કે મોટા સર્જકો હોય એવી શેખીમાં રાચતા હોય ત્યારે સતત લોકોની વચ્ચે રહીને કામ કરનારા આવા સાચુંકલા સર્જકની કદર ન જ થાય એ નવાઈની વાત નથી.

તેમના દીકરાનો સંપર્ક સુશેષ દિલીપ રાણપુરા, ૧. સહકાર કોલોની, સેક્ટર-૨૫, ખ-૭, ગાંધીનગર-૩૮૨૦૨૪ અને ફોન નંબર ૯૪૨૭૭૦૩૩૭૨.

ગોધૂલિ :

દિલીપ રાણપુરાએ એક વાર્તા સ્પર્ધામાં વાર્તા મોકલી. તેમણે કલ્પના કરી હતી કે, સૌરાષ્ટ્રમાં દુષ્કાળમાં ટ્રેન દ્વારા પાણી મોકલવું પડે છે. પાણી માટે તોફાનો થાય છે. ત્રણ નિર્ણાયકોમાંથી એક નિર્ણાયકે આ વાર્તાને પ્રથમ નંબર ન આપવા દીધો. દલીલ કરી કે, આવી બેહૂદી કલ્પના જ ના કરાય. જોકે, પછીથી ખરેખર, દિલીપ રાણપુરાએ કલ્પના કરી હતી એવું જ બન્યું. દુષ્કાળમાં સૌરાષ્ટ્રને ટ્રેન દ્વારા પાણી આપવું પડ્યું. વાર્તાનુકૂલિત ખંડમાં બેસીને લખનારા અને લોકોની વચ્ચે રહીને સર્જન કરતા સર્જકોમાં ફરક હોય તે સહજ છે. દિલીપભાઈ લોકોની વચ્ચે રહીને સર્જન કરતા હતા.

ભારતનો ડંકો ● અનુસંધાન પહેલાનું ચાલુ

વૂમેન્સ જેવલિન થ્રોમાં અન્નુ રાનીએ બ્રોન્ઝ મેડલ જીત્યો છે. અન્નુએ ૬૦ મીટરના બેસ્ટ પ્રયાસ સાથે આ ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે. એલ્ડહોસ પોલ, અબ્દુલ્લા અબુબકર અને સંદીપ કુમારના મેડલ જીવતાની સાથે ભારતને ગોલ્ડ મેડલની સંખ્યા ૧૬ થઈ ગઈ છે. જ્યારે અત્યાર સુધી ૧૨ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝ મેડલ ભારત જીતી ચૂક્યું છે. ભારતને કુલ ૪૬ મેડલ મળી ચૂક્યા છે. જોકે ભારતને અત્યાર સુધી રેસલિંગમાં સૌથી વધારે મેડલ મળ્યા છે. શનિવારના પણ રવિ દહિયા, વિનેશ ફોગાટ, નવીન કુમારે તેમની શાનદાર રમત દેખાડી હતી.

સફળ લોન્ચિંગ ● અનુસંધાન પહેલાનું ચાલુ

લાગેલા સેલ્ફી કેમેરા વડે અંતરીક્ષમાં સોલર પેનલ ખુલશે અને સેલ્ફી કેમેરા વડે આ સેટેલાઈટ અંતરીક્ષના ફોટોગ્રાફ્સ મોકલવાનું શરૂ કરશે. આ સેટેલાઈટ ૧૦ મહિના સુધી પૃથ્વીની પરિક્રમા કરશે.

આજે શ્રી હરિકોટા ખાતે દેશમાં પ્રથમ વખત વિદ્યાર્થિનીઓ દ્વારા બનાવવામાં આવેલા સેટેલાઈટને લોન્ચ કરવામાં આવી છે. જે માટે ૭૫૦ વિદ્યાર્થીનીઓ હરિકોટા પહોંચી હતી. આ દિવસ ઐતિહાસિક દિવસ છે. કારણ કે, સેટેલાઈટ માત્ર વિદ્યાર્થિનીઓ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. મહત્વની વાત એ છે કે, સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ પહેલી વાર માત્ર ૮ કિગ્રાનું આ સેટેલાઈટ અંતરિક્ષમાં મોકલવામાં આવશે. જ્યા અંતરિક્ષમાં ગયા બાદ આ સેટેલાઈટ તિરંગો લહેરાવશે.

SSLV સેટેલાઈટની ખાસિયત : જીજીન્ફ એટલે સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હિકલ. જીજીન્ફ રોકેટ અંતરિક્ષમાં બે ઉપગ્રહ સ્થાપિત કરશે. ૩૫૦ કિમીની ભ્રમણકક્ષામાં ઉપગ્રહ સ્થાપિત કરશે. પહેલો ઉપગ્રહ ૧૩૫ કિલોગ્રામ વજનનો છે. બીજો ઉપગ્રહ ૭.૫ કિલોગ્રામનો છે.

ઉંબાડિયું ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીલંકા આવવાની મંજૂરી ભૂતપૂર્વ પ્રમુખ ગોટાબાયા રાજપક્ષેએ આપી હતી, પરંતુ હવે રાજપક્ષે પોતે દેશને નોધારો છોડીને ભાગી ગયા છે. તેથી તેમણે આપેલી મંજૂરીનો કોઈ અર્થ રહેતો નથી. શ્રીલંકાએ વિનંતી કરી છે કે યુઆન વાંગને હમણાં રિફ્યુલિંગ માટે મોકલવામાં ન આવે. આ માટે નવેસરથી વિચારણા કરવામાં આવશે.

ભારત માને છે કે ચીનની યોજના ભારત ફરતે ભરડો લેવાની છે. તે પોતાના જાસૂસી જહાજને શ્રીલંકા મોકલે તો ભારતના સ્ટ્રેટેજિક હિત જોખમાઈ શકે છે. કારણ કે સાઉથ ઈન્ડિયામાં ભારતની ઘણી મહત્ત્વની સંસ્થાઓ આવેલી છે અને ચીન તેની જાસૂસી કરી શકે છે. ચીનનું જાસૂસી જહાજ ૭૫૦ કિમીની ત્રિજ્યામાં આવેલી કોઈ પણ સંસ્થા કે બીજી ઈમારત પર નજર રાખી શકે છે.

હારનું ઠીકરું ● અનુસંધાન પહેલાનું ચાલુ

દુર્ભાગ્યથી કેટલીક વિપક્ષી પાર્ટીઓએ એક વિપક્ષના વિચારને પાટા પરથી ઉતારવાના પ્રયાસમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ રૂપથી ભાજપનું સમર્થન કરવાનું પસંદ કર્યું. હું માનુ છું કે આમ કરનાર આ પાર્ટીઓ અને તેના નેતાઓએ પોતાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડ્યું છે.

નોંધનીય છે કે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં કુલ ૭૮૦ મતદાતાઓમાંથી માત્ર ૭૨૫એ મતદાન કર્યું હતું. કાઉન્ટિંગ દરમિયાન તેમાંથી ૧૫ મત રદ્દ કરવામાં આવ્યા હતા. પછી ૭૧૦ મતમાંથી ધનખડને ૫૨૮ મત અને માર્ગરેટ અલ્વાને માત્ર ૧૮૨ મત મળ્યા હતા.

કોરોના વકર્યો ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દહેગામ તાલુકામાં કડજોદરામાં ૪, પીપલજમાં ૩, કડાદરામાં ૨ ઉપરાંત સોલંકીપુરા, જીવરાજના મુવાડા, મોટા જલુન્દ્રા ઝાંક, જીંડવા, રખિયાલ, સામેત્રી, ઓખાજીના મુવાડા, ખાખરા, રખિયાલમાંથી કેસો મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકામાં બી.એસ.એફ. કેમ્પસમાંથી ૪ કેસ, જલુંદ-સાદરા અને છાલામાંથી ૨-૨ કેસ તેમજ દોલારાણા વાસણા, વાસણા રાઠોડ, ચિલોડા, પ્રાંતિયા, રૂપાલ, સોનીપુર, અડાલજ, ગલુદણમાંથી કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કલોલ શહેરમાંથી ૩, સઈજમાંથી ૪, ડિંગુચામાંથી પાંચ, નારદીપુરમાંથી ૨, પાનસરમાંથી ૩, ઉપરાંત ગોલથરામાંથી કેસો મળ્યા છે.

માણસા તાલુકામાં સોજા ગામેથી ૨ તેમજ આમજામાંથી એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્યવિસ્તારમાં આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આજે નોંધાયેલા કેસ સાથે જિલ્લામાં એક્ટીવ કેસ તરીકે ૨૨૨ દર્દીઓ સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯૧૫૧ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.